

# ભારત બન્યું વિશ્વની અંતરિક્ષ મહાશક્તિ

**ત્રણ મિનિટમાં જ એ-સેટ મિસાઈલથી ૩૦૦ કિમી દૂર લો અર્થ ઓર્બિટમાં લાઈવ સેટેલાઈટ નષ્ટ કરાયો : યુદ્ધ ક્ષેત્રમાં ફેરવાયેલા અંતરિક્ષમાં ભારતે હવે ડંકો વગાડ્યો : અંતરિક્ષ ક્ષેત્રે સેટેલાઇટ તોડી પાડવામાં સક્ષમ રહેલા અમેરિકા, ચીન**

નવીદિલ્હી, તા. ૨૭

યુદ્ધ ક્ષેત્રમાં ફેરવાઈ ચુકેલા અંતરિક્ષમાં દુનિયાની સાથે કદમતાલ મેળવવા માટે ભારતે આજે મિશન શક્તિ મારફતે અંતરિક્ષમાં એક લાઈવ સેટેલાઈટને તોડી પાડવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ આ સિદ્ધિ હાસલ કરનાર ભારત દુનિયામાં ચાર દેશોની યાદીમાં જોડાઈ ગયું હતું. આ પ્રકારની સિદ્ધિ માત્ર ત્રણ દેશો જ મેળવી શક્યા છે જેમાં અમેરિકા, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે. હવે ભારત પણ દુનિયામાં અંતરિક્ષ મહાશક્તિ તરીકે પોતાની નોંધણી કરાવવામાં સફળ રહ્યું છે. ભારતે આ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. અંતરિક્ષમાં સેટેલાઈટને તોડી પાડવામાં સક્ષમ રહેલા દેશોની યાદીમાં ભારત જોડાઈ ગયું છે. ભારતે આ પરીક્ષણ

એવા સમયે કર્યું છે ત્યારે ચીન સતત અંતરિક્ષમાં પોતાની તાકાતમાં વધારો કરી રહ્યું છે. આ સેટેલાઈટ કિલર મિસાઈલના મહત્વનો અંદાજ આનાથી લગાવી શકાય છે કે, આની ઘોષણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે કરી છે. મોદીએ આજે રાષ્ટ્રના નામ સંબોધન કરતા કહ્યું હતુ કે, ભારતે આ અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. ભારત હવે દુનિયામાં અંતરિક્ષ મહાસત્તા બની ગયું છે. મોદીએ કહ્યું હતુ કે, આજના દિવસે અમારા વૈજ્ઞાનિકોએ ૩૦૦ કિલોમીટર દૂર લો અર્થ ઓરબીટમાં એક સેટેલાઈટને તોડ પાડ્યું છે. આ ઓપરેશન માત્ર ત્રણ મિનિટમાં પાર પાડવામાં આવ્યું હતું. મિશન શક્તિના નામથી આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન ખુબ જ મુશ્કેલ હતું તેમાં ખુબ જ ઉચ્ચ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વૈજ્ઞાનિકોએ તમામ નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરી લીધા છે. જો કે, ભારતને આના કારણે જુદા જુદા દેશોની નારાજગીનો સામનો કરવો પડી શકે છે. જો કે, મોદીએ કહ્યું હતુ કે, માત્ર સુરક્ષાના હેતુસર આ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬ | ૨૮ માર્ચ, ૨૦૧૯, ગુરૂવાર; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગોવામાં રાજકીય ડ્રામાબાજી

**એમજીપીના બે ધારાસભ્યો ભાજપમાં જોડાયા : ૩૬ સભ્યોવાળા ગોવાના ગૃહમાં ભાજપ પાસે સંખ્યાબંધ ૧૪ થઇ ગયુ : કોંગી અને અન્ય પાર્ટી આશ્ચર્યચકિત થઇ**

## નાયબ મુખ્યમંત્રી સુદીન ધવલીકરને હટાવાયા

પણજી,તા.૨૭

મનોહર પર્રિકરના નિધન બાદ ગોવામાં સરકાર જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપને મોટો ફટકો લાગ્યો છે. ગોવાના ઉપમુખ્યમંત્રી અને મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીના નેતા સુદીન ધવલીકરને બુધવારે હટાવી દેવામાં આવ્યા હતા. ધવલીકર પાસે લોક નિર્માણ મંત્રાલયનો હવાલો હતો. એમજીપી અને બીજેપીના નેતાઓ વચ્ચે વધતી કડવાશના કારણે સાવંત દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. એમજીપીના નેતાએ કહ્યું, રાતે ચોકીદારોએ એમજીપી પર જે ધાડ પાડી છે તેનાથી ગોવાના લોકો સ્તબ્ધ છે.

પણજી,તા. ૨૭

ગોવામાં અડધી રાત્રી બાદ જોરદાર રાજકીય ઘટનાક્રમક અને રાજકીય નાટયાત્મક ઘટનાનો દોર શરૂ થયો હતો. ભારતીય જનતા પાર્ટી સરકારમાં સાથી પાર્ટી મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીના ત્રણ પૈકી બે સભ્યોએ પોતાની પાર્ટીના નેતા અને સરકારમાં નાયબ મુખ્યપ્રધાન સુદિન ધવલીકરને એકલા છોડી દઈને બાજપની તરફેણમાં આવી ગયા છે. એટલુ જ નહીં આ ધારાસભ્યોએ સ્પીકરની સામે ભાજપમાં મર્જ થવા માટેની અરજી પણ આપી દીધી છે. ગોવા સરકારમાં આ નાટયાત્મક ઘટનાક્રમથી હવે સવાલ એ થાય છે કે નાયબ મુખ્યપ્રધાન ધવલીકરનુ હવે શુ થશે. એમજીપીના બંને ધારાસભ્યો મનોહર અજગાંવકર અને દિપક પવાસ્કરે ગોવા વિધાનસભાના સ્પીકરને પત્ર લખીને કહ્યુ છે કે તેઓએ મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીને ભાજપમાં મર્જ કરી દેવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ ૩૬ સભ્યોના ગૃહમાં ભારતીય જનતા પાર્ટીનુ સંખ્યાબળ હવે વધીને ૧૪ થઈ ગયુ છે. આ નાટયાત્મક ઘટનાક્રમ પહેલા ગોવા સરકારની સ્થિરતા માટે એમજીપીના ત્રણ ધારાસભ્યોના સમર્થનની જરૂર હતી. ગોવાની ૪૦ સભ્યોની વિધાનસભામાં ભાજપના નેતૃત્વમા સરકારને ૨૦ ધારાસભ્યોનો ટેકો

● અનુસંધાન પાન-૭ પર

# માત્ર ત્રણ મિનિટમાં જ મિશન શક્તિ હેઠળ સેટેલાઈટ તોડાયું

**૩૦૦ કિમી દૂર લો અર્થ ઓર્બીટમાં સેટેલાઇટ ફુંક્યું સ્વદેશી એન્ટી સેટેલાઇટ મિસાઇલ મારફતે મિશન પૂર્ણ**

નવીદિલ્હી, તા. ૨૭

ભારતે અંતરિક્ષમાં યુદ્ધ ક્ષમતા હાંસલ કરીને કોઈપણ સેટેલાઈટને તોડી પાડવાની શક્તિ હાંસલ કરી લીધી છે. દેશના વૈજ્ઞાનિકોએ આજે માત્ર ત્રણ મિનિટમાં મિશન શક્તિ મારફતે અંતરિક્ષમાં લો અર્થ ઓર્બિટમાં ૩૦૦ કિલોમીટરના અંતરે એક સેટેલાઈટને તોડી પાડ્યું હતું. સ્વદેશમાં બનેલ એન્ટી સેટેલાઈટ મિસાઈલ મારફતે આ સેટેલાઈટને તોડી પાડવામાં આવ્યું હતું. અંતરિક્ષ વૈજ્ઞાનિક અજય લેલેએ કહ્યું હતું કે, એન્ટી સેટેલાઈટ મિસાઈલની અંદર બારુદનો જથ્થો હોતો નથી અને કાઈનેટિક કિલ વેપન તરીકે કહેવામાં આવે છે. સામાન્ય મિસાઈલના ટિપ ઉપર વોરહેડ મુકવામાં આવે છે. લક્ષ્ય ઉપર ટકરાયા બાદ બ્લાસ્ટ થાય છે જ્યારે એન્ટી સેટેલાઈટ મિશન કાઈનેટિક કિલ મિકેનિઝમ ઉપર કામ કરે છે. તેના વોરહેડ ઉપર એક મેટલ સ્ટ્રિપ હોય છે. સેટેલાઈટ ઉપર મેટલનો ગોળો પડે છે અને તેને તોડી પાડે છે. આ મિસાઈલ કોઈપણ દેશને અંતરિક્ષમાં લશ્કરી તાકાત ઉપલબ્ધ કરાવવામાં કામ આવે છે. અંતરિક્ષમાં મહાશક્તિ તરીકે ગણાતા દેશોમાં હવે ભારત પણ સામેલ થઈ ગયું છે. અલબત્ત કોઈપણ દેશે યુદ્ધમાં આવી એન્ટી સેટેલાઈટ મિસાઈલનો ઉપયોગ કર્યો નથી.

## ન્યુઝ ટ્રેક

### ગિરિરાજસિંહ બેગૂસરાયથી ચૂંટણી લડશે

બેગૂસરાય સીટ બાબતે ભાજપના સાંસદ ગિરિરાજસિંહ થોડાક નારાજ જવા મળી રહ્યા છે. આ બાબતે અમિત શાહે કહ્યું છે કે, ગિરિરાજસિંહ બેગૂસરાયથી જ ચૂંટણી લડશે. તેમની ફરિયાદોનું નિરાકરણ ટૂંક સમયમાં લાવવામાં આવશે.

### વિજય માલ્યાના શેર વેચવામાં આવશે

ભાગેડુ કારોબારી વિજય માલ્યાના લાખો શૅર વેચી રૂા. ૧૦૦૦ કરોડ વસૂલવામાં આવશે. ધનશોધન રોધી કાનૂન અદાલતે યુબીએલ કંપનીમાં માલ્યાની ભાગીદારીવાળા શૅર વેચવાની સંમતિ આપી દીધી છે.

### લોકપાલ સમિતિના રાજયોની શપથવિધિ

લોકપાલ અધ્યક્ષ ન્યાયમૂર્તિ પી.સી. ઘોષે નવી દિલ્હીમાં આયોજિત એક સમારંભમાં લોકપાલના તમામ આઠ રાજયોને પદના શપથ અપાવ્યા હતા. ન્યાયમૂર્તિ સર્વશ્રી બાબાસાહેબ ભોસલે, પ્રદિપકુમાર મોહંતી, ન્યાયમૂર્તિ અભિલાષ કુમારી, ન્યાયમૂર્તિ અજયકુમાર ત્રિપાઠી, દિનેશકુમાર જૈન, અર્ચના રામસુંદર, મહેન્દ્રસિંહ અને ડૉ. ઈન્દ્રજીત ગૌતમને શપથ અપાવ્યા છે.

### અભિનેત્રી ઉર્મિલા માતોંડકર કોંગ્રેસમાં જોડાઇ

ગઈકાલથી થઈ રહેલી અટકળોને સાચી પાડતા આખરે ફિલ્મ અભિનેત્રી ઉર્મિલા માતોંડકર કોંગ્રેસમાં જોડાઈ ગઈ છે.

રાહુલ ગાંધીએ કોંગ્રેસમાં જોડાવા બદલ ઉર્મિલાનુ સન્માન કરીને તેને બૂકે આપ્યો હતો. ઉર્મિલાએ કહ્યું હતું કે, આજે એવા નેતાની જરુર છે જે બધાને સાથે લઈને ચાલે અને તમામને ન્યાય અપાવે. મારી નજરમાં રાહુલ ગાંધી આવા જ નેતા છે.

# પોરબંદર દરિયામાંથી ૫૦૦ કરોડના ડ્રગ્સનો જથ્થો કબજે

**નવ ઇરાની આરોપીઓની ધરપકડ કરાઈ : પાકિસ્તાનથી હમીદ મલિક નામના માફિયાએ આ ડ્રગ્સનો જથ્થો મોકલાયો હોવાની ચોંકાવનારી માહિતી સપાટીએ**

અમદાવાદ,તા. ૨૭

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા ઘર્ષણ વચ્ચે ગુજરાત સહિત દેશની ચારેબાજુની સરહદો ઉપર ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, ત્યાં આજે પોરબંદરમાં મધદરિયે ગુજરાત એટીએસ તેમજ કોસ્ટગાર્ડ અને મરીન ટાસ્કફોર્સની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૫૦૦ કરોડના ડ્રગ્સની દાણચોરીનો પર્દાફાશ કરીને ૯ ઈરાનીની ધરપકડ કરી લેતાં ભારે ચકચાર મચી ગઇ છે. પાકિસ્તાનમાંથી હમીદ મલિક નામના ડ્રગ માફિયાએ આ કન્સાઈનમેન્ટ મોકલાયુ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઇ ગઇ છે. સુરક્ષા એજન્સીઓએ હવે ડ્રગ્સના મોટા કન્સાઈનમેન્ટને લઈ તેના નેટવર્ક અને તેની ડિલીવરી કયાં કરવાની હતી તે સહિતના મુદ્દાઓની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પાકિસ્તાનથી આવેલું આ ડ્રગ્સ ઈરાનમાં લઈ જવાનું હતું. ત્રણેય એજન્સીઓએ પાકિસ્તાની બોટને રોકવાની કોશિશ કરતાં કરોડો રૂપિયાના હેરોઈન સાથે સવાર ૯ ઈરાનીઓએ જાતે જ બોટમાં આગ લગાવી હતી અને દરિયામાં કૂદી પડ્યા હતા. એજન્સીઓએ ૯ ઈરાનીઓની ધરપકડ કરીને પૂછપરછ કરતાં પાકિસ્તાનના હમીદ મલેકે આ કન્સાઈન્મેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

## રવિવારે તમામ સરકારી બેંકો ખુલ્લી રહેશે

ન્યુ દિલ્હી,તા.૨૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે સરકારી લેવડદેવડ કરતી તમામ બેંકો આ રવિવારે એટલે કે ૩૧મી માર્ચે ખુલ્લી રહેશે. રિઝર્વ બેંકે આ અંગે તમામ બેંકોને નિર્દેશ જારી કર્યા છે.

ચાલુ નાણાકીય વર્ષનો અંતિમ દિવસ ૩૧ માર્ચ છે અને એ દિવસે રવિવાર આવે છે. એટલા માટે લેવડદેવડ કરતી તમામ સરકારી બેંકોની શાખાઓને ખુલ્લી રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. રિઝર્વ બેંકના નિર્દેશ અનુસાર તમામ બેંકોને સરકારી લેવડદેવડ માટે ૩૦ માર્ચે એટલે કે શનિવારે સાંજે આઠ વાગ્યા સુધી અને ૩૧ માર્ચે રવિવારે સાંજે છ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે.

સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે કે ઈ-જી અને ઈઈહ્લ સહિત તમામ પ્રકારના ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શન પણ ૩૦ અને ૩૧ માર્ચે વધારાના સમયે પણ ચાલુ રાખવામાં આવશે.







